Monday
09.11.2026
✳Volume :11 ✳ Issue No.128
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે રાજ્યમાં કાયદો વ્યવસ્થા નાગરિક સુરક્ષા નશામુકત ભારત અભિયાન સહિતની સર્વગ્રાહી સમીક્ષા કરી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ







કાયદો વ્યવસ્થા, પોલીસ મોર્ડનાઈઝેશન, બોર્ડર અને કોસ્ટલ સિક્યોરિટી, માદક પદાર્થ નિયંત્રણ, સાયબર ક્રાઇમ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ફોરેન્સિક બાબતો, આતંકવાદ નિયંત્રણ, UA(P)A, મોડ્યુલ જેલ, ATS, MOU, પોર્ટલ, NDPS, ICJS/CCTNS, FIR, આરોપપત્ર, ઈ-સમન્સ, ઈમ્પ્લીમેન્ટેશન, એનાલિટિકલ રિપોઝિટરી, સાયબર કમાન્ડો, આતંકવાદ નિયંત્રણ, UA(P)A, ડેડિકેટેડ સેલ, મોડલ ATS, સંરચના, iMOT પોર્ટલ, નિયમિત ડેટા અપડેશન, NTDFAC, ડિસ્ટ્રીક્ટ પોલીસ મોડ્યુલના ઉપયોગની અદ્યતન સ્થિતિ, વિદેશી નાગરિકોની રોકાણ સમય મર્યાદાના આંકડાઓ અને જિલ્લાઓમાં વિદેશી નાગરિકોના રોકાણની સ્થિતિ, ફોરેન્સ આઈ ડેન્ટિફિકેશન પોર્ટલના ઉપયોગમાં રાજ્યની સ્થિતિ, જિલ્લા વાઈઝ નાગરિકતા ડેટા(CAA), પલાયનકારીઓ માટે પ્રત્યાપણ સંબંધિત વ્યવસ્થાઓ, PSARA પોર્ટલ અંગે પણ બેઠકમાં રાજ્યની સ્થિતિની જાણકારી આપવા સાથે અમલીકરણ સંબંધિત બાબતોની પણ કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય સરકારના ગૃહવિભાગ સહિતના સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ ચર્ચા પરામર્શ કર્યા હતા. રાજ્યમાં કોસ્ટલ સિક્યોરિટીની સ્થિતિ તથા સીમા સુરક્ષા સંબંધિત સંદિગ્ધ ગતિવિધિઓ, વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામની સ્થિતિ, ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં SDRF ની સ્થાપના, ક્ષમતા નિર્માણ અને ઉપલબ્ધતા, SDMF (સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ફંડ)-ની ઉપલબ્ધતાની સ્થિતિ અને અમલીકરણ, નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ, અમદાવાદમાં શહેરી પૂર નિવારણની યોજનાઓ અને ક્રયાંની સ્થિતિ, રાજ્યમાં શત્રુ સંપત્તિની વર્તમાન સ્થિતિ, આર્મ્સ લાઈસન્સ સહિતની બાબતો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તથા વિવિધ બાબતોમાં સુધારા માટે હકારાત્મક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રાલય સાથે થયેલી અગાઉની બેઠકની ચર્ચા અને અમલીકરણના મુદ્દાઓ અને રાજ્યમાં તેના અમલીકરણની સ્થિતિ અંગે રાજ્યના મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસે કેન્દ્રીય મંત્રી શ્રી સહિત કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓને અવગત કરાવ્યા હતા. જેમાં સિક્યોરિટી અને બોર્ડર મેનેજમેન્ટ સંબંધિત વિવિધ બાબતો અંગે કરવામાં આવેલ સૂચનો અને તેના પર કરવામાં આવેલી કામગીરીની સ્થિતિ અંગે મુખ્ય સચિવશ્રીએ વિગતવાર જાણકારી પૂરી પાડી હતી. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવ અને ગૃહ વિભાગના અગ્ર સચિવશ્રી સંજીવકુમાર પાટણાં ત્રણ વર્ષોમાં રાજ્યમાં બજેટ પ્રાવધાન અને ખર્ચ, જેલ વિષયક બાબતો, પ્રોસિક્યુશન વિષયક ભરતીઓ, DoP - NCL, સંબંધિત લક્ષ્યો પ્રાપ્ત કરવા અંગે કરવામાં આવેલી કામગીરી, આપદા વ્યવસ્થાપન, શત્રુ સંપત્તિ, વસ્તી ગણતરી ૨૦૨૬, શહેરી પૂર જોખમ નિવારણ, મંત્રણ સંરક્ષણ, અગ્નિ નિવારણ સેવાઓ, વિશેષ અદાલત તથા ફોરેન્સિક સાયન્સ પ્રકલ્પો અને ફોરેન્સિક સાયન્સ તથા અન્ય ક્ષેત્રોની પાછલ્યા પાંચ વર્ષોની સ્થિતિ તથા આ ક્ષેત્રે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી ક્રમગીરીની વિગતો આપી હતી. રાજ્યમાં કાયદો વ્યવસ્થા સ્થિતિ, સીમા પ્રબંધન, બોર્ડર મેનેજમેન્ટ, ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડ, સેક્ટર સિક્યોરિટી કોઓર્ડિનેશન ગ્રુપ, વિવિધ પ્રકારના ગુનાઓ અટકાવવા સંબંધિત અંગેની કામગીરી, બુલેટપ્રુફ વાહનો અટકાવવા અંગેની કામગીરી, કોસ્ટલ ઈમ્પ્લિમેન્ટેશન, ઓપરેશન મથુલ્લક્ષ, બોર્ડર ટુરિઝમ, રેફરલ એજન્સી કાર્યવાહી, ક્રૂરતા-રોધી કાર્યવાહી, ૧૧૨ જનરક્ષક સેવાની કામગીરી, ૧૯૩૦ હેલ્પલાઈન સંબંધિત કામગીરી, સાયબર ક્રાઇમ ટ્રેનિંગ મોડ્યુલ, ૧૯૩૦ હેલ્પલાઈન સંબંધિત કામગીરી, સાયબર ક્રાઇમ માટેમિશન પ્રબોધ અંતર્ગત કામગીરી, ડિજિટલ એરેસ્ટ નાથવા અંગે કામગીરી, આતંકવાદ નિયંત્રણ કામગીરી, બોમ્બ થ્રેટ ઓળખવા અને અટકાવવા અંગેની કામગીરી, પ્રતિરક્ષા એપ્લિકેશન, મત્સ્ય અધિનિયમ અંતર્ગત કાર્યવાહી, સાયબર સ્લેવરી વિરુદ્ધ ઓપરેશન, માદક પદાર્થો અને ડ્રગ્સના નિયંત્રણ અંગે કેન્દ્ર સરકારના ગૃહવિભાગના સૂચનોના અમલીકરણ સંદર્ભમાં રાજ્ય પોલીસ મહાનિદેશક શ્રી જી એસ મલિકે આપી હતી. ૨૦૨૮ સુધીમાં નશામુકત ભારતનો ધ્યેય સાકાર કરવા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ રાજ્યમાં નાકોટિક્સ ડ્રગ્સ તથા નશીલા પદાર્થોના નિયંત્રણ માટે કડક હાથે કામ લેવા અને એક્શન પ્લાન બનાવવા, ૧૯૩૩ કંટ્રોલ રૂમના વિસ્તાર અંગે, દરેક એજન્સીઓ, સઘન ડ્રાઇવ ચલાવવા સહિતના વિવિધ આયામો સાથે વ્યાપક સામાજિક જાગૃતિની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવશ્રી તેમજ કેન્દ્રીય ગૃહ મંત્રાલય હસ્તકની વિવિધ એજન્સીઓના અધિકારીઓ તેમજ રાજ્યના ગૃહ વિભાગ અને અન્ય સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પરિવારજનો સાથે ગાંધીનગર સ્થિત સરકારી બાળ સંભાળ ગૃહની લીધી ભાવસભર મુલાકાત

લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી, પુત્રવધૂ શ્રીમતી કવિતાજી અને પૌત્ર આર્યમન સાથે બાળકો વચ્ચે પહોંચ્યા રાજ્યપાલશ્રી

કમલમ્,

પ્રકાશના પર્વ દિવાળીના પાવન અવસરે સામાજિક સમરસતા અને આત્મીયતાનું ઉદાહરણ પૂરું પાડતા, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગરના સેક્ટર ૧૯ માં સ્થિત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના, સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા સંચાલિત સરકારી બાળ સંભાળ ગૃહની મુલાકાત લીધી હતી. આ અવસરે લેડી ગવર્નર શ્રીમતી દર્શનાબેનજી, તેમની પુત્રવધૂ શ્રીમતી કવિતાજી તેમજ પૌત્ર આર્યમન પણ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રી અને તેમના પરિવારજનોએ બાળ સંભાળ ગૃહના બાળકો વચ્ચે પહોંચીને દિવાળીનો તહેવાર અત્યંત ઉષ્માભેર ઉજવ્યો હતો.



રાજ્યપાલશ્રી અને તેમના પરિવારજનોએ બાળકો સાથે સહજ અને આત્મીય સંવાદ સાધ્યો હતો, તેમણે બાળકોના ક્ષેમકુશળ પૂછીને તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા અને દિવાળીની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

રાજ્યપાલશ્રી તથા પરિવારજનોના વરદહસ્તે બાળકોને દિવાળીના પર્વનિમિત્તે ભેટ અર્પણ કરવામાં આવી હતી. રાજ્યપાલશ્રીને પોતાની વચ્ચે જોઈને બાળકોના ચહેરા પર અનોખી ખુશી અને ચમક જોવા મળી હતી. આ તકે રાજ્યપાલશ્રીએ બાળ સંભાળ ગૃહના સંચાલકો અને અધિકારીઓ પાસેથી ગૃહની સમગ્ર કાર્યપ્રણાલી, બાળકોના આહાર, રહેવાણ, શિક્ષણ, સ્વાસ્થ્ય તેમજ મનોરંજન માટે કરવામાં આવતી વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. તેમણે સંસ્થા ની વિવિધ પ્રવૃત્તિઓની સરાહના કરી બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સુરત ખાતેથી આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાના અધ્યક્ષ સ્થાને રાજ્યભરના આરોગ્ય અધિકારી અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી સાથે ઉચ્ચ સ્તરીય વર્ચ્યુઅલ બેઠક યોજાઈ

ફૂડ ક્વોલિટી અને સ્વચ્છતાના માપદંડોમાં સમગ્ર દેશમાં ગુજરાત બનશે રોલ મોડલઃ મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા



કમલમ્,સુરત

દીપાવલીના પાવન તહેવારોને ધ્યાન ધ્યાને રાખીને નાગરિકોના સ્વાસ્થ્યની અર્થે સુરત ખાતેથી રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સહિત રાજ્યના તમામ જિલ્લાના આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આરોગ્ય મંત્રીશ્રીએ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન કરવામાં આવેલી પ્રશંસનીય અને ગુણવત્તાસભર કામગીરીને બિરદાવી તમામ અધિકારીઓ તથા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રાજ્યમાં કાયદો વ્યવસ્થા સંબંધિત વિવિધ મુદ્દાઓ વિશે ચર્ચા પરામર્શ કર્યા હતા. કાયદો વ્યવસ્થા, સાયબર ક્રાઇમ, પોલીસ મોર્ડનાઈઝેશન, બોર્ડર અને કોસ્ટલ સિક્યોરિટી, માદક પદાર્થ નિયંત્રણ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ફોરેન્સિક બાબતો, આતંકવાદ નિયંત્રણ, આંતર રાજ્ય સહયોગ, ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ, CAA, વસ્તી ગણતરી, અગ્નિવીર યોજના, જેલ અને સોશિયલ કોર્ટ વિષયક બાબતો અંગે કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ વરિષ્ઠ અધિકારીઓ સાથે ચર્ચા કરીને અંતે આ પ્રકારના દૂષણોને જડમૂળમાંથી ડામવા તંત્ર સજ્જ છે.

એનાલોગ પનીર, ચીઝ, બટર અને ડુપ્લીકેટ ઘી જેવા ભેળસેળયુક્ત પદાર્થો વેચનારા અસમાજિક તત્વો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરાશે

કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્યમાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતાં અને ગેરમાર્ગે દોરનારા તત્વોને ક્યારેય સાખી લેવામાં આવશે નહીં તેવો મક્કમ નિર્ધાર વ્યક્ત કરતા આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ડુપ્લીકેટ ઘી તેમજ એનાલોગ પનીર, ચીઝ, બટર, ટોમેટો સોસ, ક્રીમનો રસ અને પામ ઓઈલનો ભેળસેળયુક્ત ઉપયોગ કરી ડુપ્લીકેટ ખાદ્ય સામગ્રી બનાવતી કંપનીઓ અને એકમો સામે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નાગરિકોના આરોગ્યની સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આ પ્રકારના દૂષણોને જડમૂળમાંથી ડામવા તંત્ર સજ્જ છે.

આ બેઠકમાં આરોગ્ય મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આગામી સમયમાં સ્વચ્છતા અને ફૂડ ક્વોલિટીના મામલે ગુજરાત સમગ્ર દેશ માટે એક ઉત્તમ 'રોલ મોડલ' સાબિત થશે. રાજ્ય સરકારના આ સઘન અને પારદર્શક અભિયાનથી બજારમાં શુદ્ધ અને સાત્વિક ખોરાકની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે. વધુમાં મંત્રીશ્રીએ કહ્યું કે, બજારમાં ગેરમાર્ગે દોરતા પ્લાસ્ટિક કેરપર પર માત્ર 'ઘી' લખીને વેચાતા પામ ઓઈલ જેવા ઉત્પાદનો સામે કાયદેસરના કેસ કરી ઉત્પાદકોને છોડવામાં નહીં આવે. હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ અને ફૂડ સ્ટ્રીટ્સ પર સ્વચ્છતા ના ધોરણો અને જીનું ચુસ્ત પાલન સુનિશ્ચિત કરવામાં આવશે તેમજ સીલ ખોલીને માલની હેરફેરી કરનારાઓ સામે પોલીસ સહયોગથી અંકુશ આઈ આર દાખલ કરવામાં આવશે. બેઠક દરમિયાન ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ સાથે રાજ્યમાં આરોગ્ય સેવાઓ સુદ્રઢ કરવા, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ચાલી રહેલી દંડનાત્મક અને સંમ્પલિંગ કામગીરીની સમીક્ષા કરવા તથા ઈમરજન્સી સેવાઓને વધુ સુગ્રથિત કરવા સંદર્ભે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ વર્ચ્યુઅલ સમીક્ષા બેઠકમાં આરોગ્યના પ્રાદેશિક નાયબ નિયામક કમ્રીઓ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીશ્રીઓ તેમજ ૧૦૮ સેવાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દિવાળીના પાવન પર્વ નિમિત્તે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સહપરિવાર લીધી ગૌશાળાની મુલાકાત

લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી, પુત્રવધૂ શ્રીમતી કવિતાજી અને પૌત્ર આર્યમન સાથે રાજ્યપાલશ્રી પહોંચ્યા સેક્ટર-૩૦ સ્થિત ગૌશાળા ખાતે

ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળાની કામગીરી અંગે વિસ્તૃત માહિતી મેળવી આપ્યું જરૂરી માર્ગદર્શન

કમલમ્,

પ્રકાશના પર્વ દિવાળીના શુભ અવસરે ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને ગૌસેવાની પવિત્ર પરંપરાને મૂર્તિમંત કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સેક્ટર-૩૦ ખાતે આવેલી ગૌશાળાની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી, તેમની પુત્રવધૂ શ્રીમતી કવિતાજી તેમજ પૌત્ર આર્યમન પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રીએ પરિવારજનો સાથે ગૌશાળા ખાતે ગૌમાતાને પ્રેમપૂર્વક ગોળ અને લીલો ચારો ખવડાવીને ગૌસેવાની ઉત્તમ ભાવના વ્યક્ત કરી હતી. મુલાકાત દરમિયાન



રાજ્યપાલશ્રીએ ગૌશાળાના સંચાલકો પાસેથી ગૌશાળાની વર્તમાન વ્યવસ્થાઓ, ગૌવંશના આરોગ્ય યોગ્ય આહાર, નિભાવ અને સ્વચ્છતા સંબંધિત વિવિધ વિગતો મેળવી હતી. દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અને ગૌ સંવર્ધનના આગ્રહી એવા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગૌશાળામાં રહેલ ગૌવંશની યોગ્ય સંભાળ લેવા તેમજ ગૌમૂત્ર અને છાણનો ખાતર તરીકે કાર્યક્રમ ઉપયોગ કરવા અંગે સંચાલકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

તંત્રી સ્થાનેથી.....

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદેશી માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ નેતૃત્વ હેઠળ સમગ્ર ગુજરાત માં માળખાકીય સુવિધાઓ, કનેક્ટિવિટી અને જનકલ્યાણના કાર્યોમાં અભૂતપૂર્વ ઝડપે આગળ વધી રહ્યા છે. ભાવનગર શહેરમાં પણ આધુનિક રસ્તાઓ અને ઓવરબ્રિજના નિર્માણ દ્વારા ટ્રાફિકમુક્ત અને સુગમ વાહનવ્યવહારની નવી દિશા કંડારાઈ રહી છે. આ વિકાસયાત્રાને વધુ બળ આપતાં ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય તથા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ભાવનગરમાં વાહનવ્યવહારને અત્યંત સુગમ અને કાયમી ધોરણે ટ્રાફિકમુક્ત બનાવવા માટે કરોડોના ખર્ચે આકાર પામનારા બે મહત્વકાંક્ષી ઓવરબ્રિજ પ્રોજેક્ટ્સની વિગતો જાહેર કરી છે.

૧. નારી ચોકડીથી વરતેજ સુધી રૂ. ૬૫૦ કરોડનો સૌરાષ્ટ્રનો સૌથી મોટો મેગા ઓવરબ્રિજ:

મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભાવનગર શહેરના પ્રવેશદ્વાર સમાન નારી ચોકડીથી શરૂ થઈને સીધા વરતેજ સુધી નીકળતો ભાવનગરનો સૌથી મોટો અને આધુનિક મેગા ઓવરબ્રિજ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ વિશાળ ઓવરબ્રિજના નિર્માણ માટે અંદાજે રૂ. ૬૫૦ કરોડના ખર્ચે ઓનલાઈન ટેન્ડર ફ્લોટ કરી દેવામાં આવ્યું છે. આ મહત્વકાંક્ષી પ્રકલ્પમાં નેશનલ હાઈવે ઓથોરિટી, રાજ્ય સરકારનો માર્ગ અને મકાન વિભાગ તથા ભાવનગર મહાનગરપાલિકા સંયુક્ત રીતે સહયોગ કરશે. અગાઉ પૂર્ણ થયેલા બ્રિજનો લાભ હાલ લાખો વાહનચાલકો મેળવી રહ્યા છે, ત્યારે આ નવો ફ્લાયઓવર તૈયાર થતાં જ નારી ચોકડી અને વરતેજ તરફના જટિલ ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.

૨. કુંભારવાડા ફાટક ખાતે ઓવરબ્રિજ બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય:

ભાવનગરના ઔદ્યોગિક અને શ્રમજીવી વિસ્તાર ગણાતા કુંભારવાડા ખાતે રહેતા ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકો તેમજ નાના-મોટા ઉદ્યોગકારો અને વેપારીઓની માંગણીનો ઉકેલ આવ્યો છે. ભાવનગરમાં ટ્રેનવ્યવહાર શરૂ થયો ત્યારથી જ કુંભારવાડા ફાટક ખાતે લોકોને અવરજવરમાં ભારે હાલાકી ભોગવવી પડતી હતી. અગાઉ અંડરપાસ બનાવવામાં આવ્યો હોવા છતાં ટ્રાફિકની જટિલ સમસ્યા યથાવત રહી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દેશવ્યાપી ફાટક મુક્ત ભારત' અભિયાન હેઠળ રાજ્ય સરકાર અને ભાવનગર મહાનગરપાલિકા સંયુક્ત ઉપક્રમે કુંભારવાડા ફાટક પર નવો ઓવરબ્રિજ બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. આ પ્રોજેક્ટ સંદર્ભે મંત્રી શ્રી વાઘાણીએ ભાવનગર મહાનગરપાલિકાના મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, શાસક પક્ષના નેતા અને મ્યુનિસિપલ કમિશનરશ્રી સાથે સ્થળની પ્રત્યક્ષ મુલાકાત લઈને નિર્ણયને આખરી ઓપ આપવામાં આવ્યો છે. વાહનચાલકોની અનુકૂળતા માટે બ્રિજ પર સરળતાથી ચડી અને ઉતરી શકાય તે રીતે બે ભાગમાં હિ-માગી ડિઝાઇન તૈયાર કરવામાં આવશે. મંત્રી શ્રી વાઘાણીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સ્પષ્ટ સંકલ્પ છે કે વિકાસના લાભો વિલંબ વગર પ્રજા સુધી પહોંચે. તમામ ટેકનિકલ પ્રક્રિયાઓ પૂર્ણ થતાં જ બ્રિજ નિર્માણની કામગીરી ઝડપથી શરૂ કરી દેવામાં આવશે. આ ઓવરબ્રિજ બનવાથી કુંભારવાડા વિસ્તારના શ્રમજીવી ભાઈ બહેનો, વેપારીઓ અને દૈનિક વાહનચાલકોના સમય અને ઈંધણ બંનેની બચત થશે.

સરકારી ઈમારતોમાં સૌર ઊર્જા પ્રણાલી સ્થાપિત કરવામાં અગ્રણી ભૂમિકા બદલ ડિપાર્ટમેન્ટ ઓફ ફાઇનાન્શિયલ સર્વિસીસ (DFS) ને 'પીએમ સૂર્ય ઘર એક્સેલન્સ એવોર્ડ' એનાયત કરાયો

DFSએ તમામ શક્ય વહીવટી ઇમારતોમાં ૧૦૦% સંતૃપ્તિ હાંસલ કરી; 2,576 સ્થળો પર 61.50 MW ક્ષમતાની રૂફટોપ સોલર સિસ્ટમ કાર્યરત



કમલમ્,

આ રાષ્ટ્રીય જનાદેશ પ્રત્યે અસાધારણ સંસ્થાકીય સમર્પણ દર્શાવતા, નાણાકીય સેવાઓ વિભાગે તેના વહીવટી નિયંત્રણ હેઠળની સંસ્થાઓની તમામ ઓળખાયેલ શક્ય ઇમારતોમાં ૧૦૦% સૌલરાઈઝેશન સફળતા પૂર્વક હાંસલ કર્યું છે. ૪,૯૪૪ ઈમારતોમાંથી, છત પરના પ્રવેશના અધિકારો, ઈમારતની માલિકી, શેડો પ્રોફાઇલ અને લોડ-બેરિંગ માપદંડોને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવેલા ટેકનિકલ અને માળખાકીય શક્યતા મૂલ્યાંકન પછી — સોલરાઈઝેશન માટે ૨,૫૭૯ વ્યવહારુ ઇમારતોની ઓળખ કરવામાં આવી હતી. DFS ની સંસ્થાઓએ તમામ ૨,૫૭૯ શક્ય ઇમારતોમાં રૂફટોપ સોલર PV પ્લાન્ટ્સ સંપૂર્ણપણે ચાલુ કર્યા છે, જે 61.50 MW ની કુલ સ્થાપિત સ્વચ્છ ક્ષમતા પ્રદાન કરે છે. નાણાકીય સેવાઓ વિભાગની ઉપરોક્ત નોંધપાત્ર સિદ્ધિને ધ્યાનમાં રાખીને, તેને ૦૫.૧૧.૨૦૨૬ ના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે "કેન્દ્રીય મંત્રાલયો/વિભાગો દ્વારા મહત્તમ સોલરાઈઝ્ડ કરાયેલી ઈમારતો" શ્રેણી હેઠળ પીએમ સૂર્ય ઘર એક્સેલન્સ એવોર્ડ (બીજું સ્થાન) એનાયત કરવામાં આવ્યો હતો.

ભારત રિન્યુએબલ એનર્જી સમિટ એન્ડ એક્સપો ૨૦૨૬ (ઈઈ સમિટ) ના સમાપન સત્ર દરમિયાન, પીએમ સૂર્ય ઘર એક્સેલન્સ એવોર્ડ સમારોહમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ સમિટનું આયોજન નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય (MNRE) દ્વારા ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) ની ૯મી જનરલ એસેમ્બલી અને ગ્રીન હાઇડ્રોજન પરની ૪થી આંતરરાષ્ટ્રીય પરિષદ (ICGH) ની સાથે કરવામાં આવ્યું હતું. પીએમ સૂર્યઘર એક્સેલન્સ એવોર્ડ એનાયત કરવાથી ભારતના વ્યાપક નેટ-ઝીરો પ્રતિ બદ્ધતા અને પ્રત્યે નાણાકીય સેવાઓ વિભાગના અડગ પ્રયોગ પર ભાર મૂકવામાં આવે છે અને માળખાગત સુવિધાઓ દ્વારા ટકાઉ વિકાસને આગળ વધારવામાં નાણાકીય સંસ્થાઓની સક્રિય ભૂમિકાને મજબૂત બનાવવામાં આવે છે.

ગિરનાર લીલી પરિક્રમામાં લાખો ભાવિકો માટે જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવા રૂટ પર જપરામર્શ કરાયો

ગિરનાર લીલી પરિક્રમા માટે વહીવટી તંત્રની પૂર્વ તૈયારીઓ અંગે સાધુ-સંતોએ સંતોષ વ્યક્ત કર્યો



કમલમ્, જૂનાગઢ

ગરવા ગિરનારની લીલી પરિક્રમાની પૂર્વ તૈયારીઓ વહીવટી તંત્ર દ્વારા પૂરજોશથી કરવામાં આવી રહી છે, ત્યારે આજે જૂનાગઢના સાધુ-સંતો, પદાધિકારીઓ અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ પરિક્રમામાં પધારતા ભાવિકો માટે જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે પરિક્રમાના રૂટનું સંયુક્ત નિરીક્ષણ કર્યું હતું. આ રૂટ નિરીક્ષણમાં ગિરનાર તીર્થક્ષેત્રના શ્રી ઇન્દ્રભારતી બાપુ, મહંત શ્રી ગિરીબાપુ, મહેન્દ્રાનંદગીરી બાપુ, મહાદેવગીરીબાપુ, કિશનદાસ બાપુ સહિતના સાધુ-સંતો ઉપરાંત સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, મેયર શ્રી ધર્મેશભાઈ પોશિયા, ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા, જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરી, કમિશનર શ્રી આઈ.આર. વાળા, જિલ્લા પોલીસ વડા શ્રી સુબોધ ઓડેદરા, નાયબ વન સંરક્ષક શ્રી અક્ષય જોશી, નિવાસી અધિક કલેક્ટર સુશ્રી બી.એસ. બારડ સહિતના મહાનુભાવો જોડાયા હતા. આ નિરીક્ષણ દરમિયાન પરિક્રમામાં પધારતા લાખો ભાવિકો માટે પીવાના પાણી, આરોગ્ય સેવાઓ, સેવાભાવી સંસ્થાઓ અને અન્નક્ષેત્રો, લાઇટિંગ સહિતની અન્ય જરૂરી સુવિધાઓ અંગે પરામર્શ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને ઓછા વરસાદને કારણે પાણીની ઉપલબ્ધતા જાળવવા બોરવેલ મારફતે પાણીની સુવિધાઓ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સાધુ-સંતો અને પદાધિકારીઓએ રૂટ નિરીક્ષણ દરમિયાન વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહેલી પૂર્વ તૈયારીઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. સાધુ-સંતોએ ગિરનાર પરિક્રમાના કઠિન માર્ગને ધ્યાનમાં રાખીને અશક્તો, વયોવૃદ્ધો અને બાળકોને શક્ય હોય ત્યાં સુધી પરિક્રમા વળાવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત, પરિક્રમામાં પધારતા ભાવિકોને પ્રતિબંધિત પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ સાથે ન લાવવા તેમજ પ્રકૃતિ અને પર્યાવરણના જતનમાં સહયોગ આપવા અપીલ કરી હતી. જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીએ તા. ૨૦ નવેમ્બરની મધ્યરાત્રિથી શરૂ થનારી ગિરનાર લીલી પરિક્રમા માં તમામ ભાવિકોને ભાવપૂર્વક આમંત્રિત કરતાં જણાવ્યું હતું કે, આ વર્ષે વરસાદની અછતને કારણે કુદરતી રીતે નદી-નાળાઓમાં પાણી ઉપલબ્ધ નથી. જોકે, વહીવટી તંત્ર દ્વારા શ્રદ્ધાળુઓને પીવાના પાણીની જરૂરી સુવિધા મળી રહે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ રૂટ નિરીક્ષણમાં ડેપ્યુટી મેયર શ્રી આકાશભાઈ કટારા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરપર્સન શ્રીમતી પલ્લવીબેન ઠાકર, શાસક પક્ષના નેતા શ્રી મનન અભાણી, દંડક શ્રી કલ્પેશ અજવાણી, શહેર ભાજપ પ્રમુખ શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, પ્રાંત અધિકારી શ્રી વૃષાલી ઝંબલે સહિત સાધુ-સંતો, પદાધિકારીઓ અને અધિકારીઓ જોડાયા હતા.

અભિયાનનો સંદેશ ફટાકડાને ના કહો, સ્વચ્છ હવાને હા કહો

દિવાળીનો તહેવાર સ્વચ્છ, સ્વસ્થ, સલામત અને પર્યાવરણ મૈત્રીપૂર્ણ રીતે ઉજવવા માટે GPCB દ્વારા જાહેર જનતાને અપીલ

કમલમ્,

પર્યાવરણમાં, હવા અને ધ્વનિ પ્રદૂષણમાં ઘટાડો કરવા તેમજ આરોગ્યનું રક્ષણ કરવાના હેતુથી WWF EIACP Programme Centre–Resource Partner દ્વારા પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય (MoEF&CC), ભારત સરકારના સહયોગથી સમગ્ર દેશમાં "ગ્રીન દિવાળી અભિયાન-૨૦૨૬" યોજવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો સંદેશ "ફટાકડાને ના કહો, સ્વચ્છ હવાને હા કહો" છે. દિવાળીનો તહેવાર સ્વચ્છ, સ્વસ્થ, સલામત અને પર્યાવરણ મૈત્રીપૂર્ણ રીતે ઉજવવા માટે જાહેર જનતા ને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ-GPCB દ્વારા આ મુજબના પગલાં લેવા અપીલ કરવામાં આવી છે.

- માટીના દીવા અને પર્યાવરણમૈત્રી મીણબત્તીઓનો ઉપયોગ કરો તથા ઊર્જાની બચત કરો.
- હવા અને ધ્વનિ પ્રદૂષણ ઘટાડવા તથા લોકો અને પ્રાણીઓનું રક્ષણ કરવા ફટાકડાને ના કહો અને ફટાકડા ફોડવા ટાળો.
- ચોખાનો લોટ, ફૂલોની પાંખડીઓ અને હળદર જેવી કુદરતી સામગ્રીથી રંગોળી બનાવો.
- સ્થાનિક રીતે બનાવેલી પર્યાવરણમૈત્રી ભેટે પ્લાસ્ટિકરો અને ઓછામાં ઓછું પ્લેજિંગ ધરાવતી વસ્તુઓનો ઉપયોગ કરો.
- જરૂરિયાતમંદ લોકોને જૂનાં કપડાં અને વણવપરાયેલી, ઉપયોગી ઘરગથ્થું વસ્તુઓનું દાન કરો, પુનઃઉપયોગને પ્રોત્સાહન આપો અને કચરો ઓછો કરો.
- એક વખત ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો, વસ્તુઓનો પુનઃઉપયોગ કરો અને કચરાનું યોગ્ય રીતે વર્ગીકરણ કરો.
- શક્ય હોય ત્યાં સુધી ચાલીને, સાયકલ દ્વારા અથવા જાહેર પરિવહનની મુસાફરી કરો હવાની ગુણવત્તા જાણવા S AMEER એપ્લિકેશન/પોર્ટલ ઉપર AQI જોઈ શકાય છે.

ફટાકડા મુક્ત ગ્રીન દિવાળી ઉજવવા, ફટાકડા ન ફોડવા તથા અન્ય લોકોને પણ તે માટે પ્રેરિત કરવા, દીવાઓ પ્રગટાવવા, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા, કચરાનું યોગ્ય વર્ગીકરણ કરવા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રાધાન્ય આપવા અપીલ કરવામાં આવે છે. સ્વચ્છ હવા, સ્વસ્થ જીવન અને પ્રદૂષણમુક્ત પર્યાવરણ જાળવવામાં સહયોગ આપવા વિનંતી છે. નાગરિકો પોતે હાથ ધરેલી પર્યાવરણમૈત્રી પ્રવૃત્તિઓની વિગતો તથા સ્થળ-ટેગ કરેલા (Geo-tagged) ફોટોગ્રાફ્સ અભિયાન માટે નિર્ધારિત માધ્યમ પર મોકલી શકે છે. પ્રવૃત્તિની પ્રમુખ વિગતો EIACP પ્લેટફોર્મ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. પોસ્ટરમાં દર્શાવેલ ઉઈ કોડ સ્કેન કરીને પોતાના કાર્બન ફૂટપ્રિન્ટનું મૂલ્યાંકન પણ કરી શકાય છે. આથી તમામ નાગરિકોને "સ્વચ્છ હવા એ સૌનો અધિકાર અને સૌની જવાબદારી છે" તે ભાવના સાથે ફટાકડા મુક્ત, સ્વચ્છ અને પર્યાવરણ મૈત્રી દિવાળી ઉજવવા તથા ગ્રીન દિવાળી અભિયાન-૨૦૨૬ માં સક્રિય સહભાગી થવા GPCB દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

માળિયાહાટીના ખાતે આરોગ્ય વિભાગની ટીમે છેવાડાના વિસ્તારોમાં અને ઝૂંપડાં સુધી પહોંચીને શ્રમિકોને ઘર આંગણે આપી આરોગ્ય સેવાઓ



કમલમ્, જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના માળિયાહાટીના તાલુકા આરોગ્ય કચેરી દ્વારા તાલુકાના છેવાડાના વિસ્તારો તેમજ અન્ય વિસ્તારોમાંથી રોજીરોટી અર્થે આવતા પરપ્રાંતીય અને સ્થાનિક ખેતમજૂરો-શ્રમિકોના આરોગ્યની સુખાકરી માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થ ઓફિસર (THO) ડૉ. ડાભી ના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની ટીમો દ્વારા છેવાડાના વિસ્તારો, વાડી વિસ્તારો તેમજ ખેતરોમાં બનાવેલા ઝૂંપડાઓ સુધી પહોંચીને આ આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આ કામગીરી અંતર્ગત આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘરઘર મુલાકાત લઈ મુખ્યત્વે સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. જેમાં માતા અને બાળકના સ્વાસ્થ્યની સ્થિતિની પણ સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત માતાઓને પોષણયુક્ત આહાર, સંસ્થાકીય પ્રસુતિના મહત્વ અને શિશુના સ્તનપાન અંગે પણ જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થ ઓફિસર ના માર્ગદર્શન મુજબ, કોઈ પણ શ્રમિક કે તેમનો પરિવાર આરોગ્ય સેવાઓથી વંચિત ન રહી જાય તેવા શુભ આશયથી આ આરોગ્ય વિભાગના કર્મચારીઓ સ્થળ પર જઈને સામાન્ય રોગોનું નિદાન, બાળકોનું સમયસર રસીકરણ, માસ્ક તે પાણીની સુવિધાઓ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સાધુ-સંતો અને પદાધિકારીઓએ રૂટ નિરીક્ષણ દરમિયાન વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહેલી પૂર્વ તૈયારીઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. સાધુ-સંતોએ ગિરનાર પરિક્રમાના કઠિન માર્ગને ધ્યાનમાં રાખીને અશક્તો, વયોવૃદ્ધો અને બાળકોને શક્ય હોય ત્યાં સુધી પરિક્રમા વળાવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત, પરિક્રમામાં પધારતા ભાવિકોને પ્રતિબંધિત પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ સાથે ન લાવવા તેમજ પ્રકૃતિ અને પર્યાવરણના જતનમાં સહયોગ આપવા અપીલ કરી હતી. જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીએ તા. ૨૦ નવેમ્બરની મધ્યરાત્રિથી શરૂ થનારી ગિરનાર લીલી પરિક્રમા માં તમામ ભાવિકોને ભાવપૂર્વક આમંત્રિત કરતાં જણાવ્યું હતું કે, આ વર્ષે વરસાદની અછતને કારણે કુદરતી રીતે નદી-નાળાઓમાં પાણી ઉપલબ્ધ નથી. જોકે, વહીવટી તંત્ર દ્વારા શ્રદ્ધાળુઓને પીવાના પાણીની જરૂરી સુવિધા મળી રહે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ રૂટ નિરીક્ષણમાં ડેપ્યુટી મેયર શ્રી આકાશભાઈ કટારા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરપર્સન શ્રીમતી પલ્લવીબેન ઠાકર, શાસક પક્ષના નેતા શ્રી મનન અભાણી, દંડક શ્રી કલ્પેશ અજવાણી, શહેર ભાજપ પ્રમુખ શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, પ્રાંત અધિકારી શ્રી વૃષાલી ઝંબલે સહિત સાધુ-સંતો, પદાધિકારીઓ અને અધિકારીઓ જોડાયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં પૂજ્ય જગદ્ગુરુ શંકરાચાર્ય શ્રી શંકર વિજયેન્દ્ર સરસ્વતીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા




કમલમ્,

મુખ્યમંત્રીશ્રી ગોતા ખાતે કાંચી કામાકોટિ પીઠમના પીઠાધિપતિ શ્રીના સાનિધ્યમાં યોજાયેલા પૂજા હુતિ હવનમાં સહભાગી થયા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ગોતા ખાતે મૂળાન્નાય સર્વજ્ઞ શ્રી કાંચી કામકોટિ પીઠમના ૭૦મા પીઠાધિપતિ પૂજ્ય શ્રી જયેન્દ્ર સરસ્વતીજીના વિદેહમુક્તિ બાદ ૭૦મા પીઠાધિપતિ તરીકેની જવાબદારી સંભાળી છે કાંચીપુરમ સ્થિત કાંચી કામાકોટિ પીઠમ, ભારતીય સનાતન પરંપરા અને વૈદિક સંસ્કૃતિના સંવર્ધનમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી સાથે પૂર્વ શિક્ષણ મંત્રી અને વરિષ્ઠ અગ્રણી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શ્રીમતી માયાબેન કોડનાની સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્ય શંકરાચાર્ય શ્રી સાથે સંવાદ સાધીને તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પૂજ્ય જગદ્ગુરુ શંકરાચાર્ય શ્રી શંકર વિજયેન્દ્ર સરસ્વતી મહાસ્વામીજીએ ૨૮ ફેબ્રુ આરી, ૨૦૧૮ના રોજ પીઠાધિપતિ પૂજ્ય શ્રી જયેન્દ્ર સરસ્વતીજીના વિદેહમુક્તિ બાદ ૭૦મા પીઠાધિપતિ તરીકેની જવાબદારી સંભાળી છે કાંચીપુરમ સ્થિત કાંચી કામાકોટિ પીઠમ, ભારતીય સનાતન પરંપરા અને વૈદિક સંસ્કૃતિના સંવર્ધનમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે.

એન્ટિ-સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ 'અમીની' ની ડિલિવરી



કમલમ્,

'અમીની' - કોલકાતાના ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) દ્વારા સ્વદેશી રીતે ડિઝાઇન અને બનાવવામાં આવેલ એન્ટિ-સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ (ASWSWC) માંથી એક-૦૫ નવેમ્બર ૨૦૨૬ ના રોજ ભારતીય નૌકાદળને સોંપવામાં આવ્યું હતું. ASWSWC (અગાઉ GRSE) જહાજો કોલકાતા ના GRSE દ્વારા ભારતીય રજિસ્ટર ઓફ શિપિંગ (IRS) ના વર્ગીકરણ નિયમો અનુસાર ડિઝાઇન અને નિર્માણ કરવામાં આવ્યા છે. આ જહાજો ભારતીય નૌકાદળના સૌથી મોટા યુદ્ધ જહાજોમાંના એક છે, જે વોટરજેટ દ્વારા ચલાવવામાં આવે છે. તેઓ અત્યાધુનિક હળવા વજનના ટોર્પિડો, સ્વદેશી રોકેટ લોન્ચર અને સોનારથી સજ્જ છે જે પાણીની અંદરના જોખમોને શોધી કાઢવા અને તેનો સામનો કરવા સક્ષમ છે. આ જહાજો નૌકાદળની સબમરીન વિરોધી, દરિયાકાંઠાની દેખરેખ અને ખાણ-નાખવાની ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે. 'અમીની' નામ ફ્રેન્ચ ભાષાના પ્રદેશ વાચકોમાં આવેલા 'અમીની ટાપુ' પરથી ઉતરી આવ્યું છે. આ જહાજ જૂના 'INS અમીની નું ફરીથી ડિઝાઇન કરેલું સંસ્કરણ છે. જૂનું 'INS અમીની' 'પેટ્યા III' વર્ગનું એન્ટિ-સબમરીન વોરફેર કોર્વેટ હતું, જેને ૨૦૦૨ માં નિષ્ક્રિય કરવામાં આવ્યું હતું. આમ, આ જહાજ નૌકાદળની પ્રતિષ્ઠિત અને ઐતિહાસિક નામ ની સાચવવાની પરંપરા ચાલુ રાખે છે. 'અમીની' ની ડિલિવરી સ્વદેશી જહાજ નિર્માણમાં ભારતીય નૌકાદળ માટે વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તે સરકારના 'આત્મનિર્ભર ભારત' ના વિઝન સાથે સુસંગત છે. ૭૦ ટકાથી વધુ સ્વદેશી સામગ્રીથી બનેલું, આ જહાજ દેશના સંરક્ષણ ઉત્પાદન ઇકોસિસ્ટમની વધતી જતી શક્તિ અને આયાત નિર્ભરતામાં ઘટાડો દર્શાવે છે.

ઝઘડિયા જીઆઈડીસી ખાતે સિકયુરિટી જવાનો માટે ફાયર સેફટી અને ફર્સ્ટ એઇડ તાલીમ શિબિર યોજાઈ

કમલમ્ ભરૂચ

આ ગામી દિવાળીના તહેવાર દરમિયાન આકસ્મિક દુર્ઘટના સર્જાય તો પરિસ્થિતિને કાબૂમાં લઈ શકાય તે માટે ઝઘડિયા ઈન્ડસ્ટ્રિયલ્સ એસોસિએશન ના સહયોગથી ઝઘડિયા જીઆઈડીસી ખાતે ફાયર સેફટી અને ફર્સ્ટ એઇડ (પ્રાથમિક સારવાર) અંગેની વિશેષ તાલીમનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ, ભરૂચના નાયબ નિયામક શ્રી એસ. પી. પાઠક, મદદનીશ નિયામક શ્રી ડી. કે. પટેલ તથા ઝઘડિયા ઈન્ડસ્ટ્રિયલ્સ એસોસિએશનના માર્ગદર્શન હેઠળ આ તાલીમ યોજાઈ હતી. ૬૦ જેટલા સિકયોરીટી જવાનોને અનિચ્છનીય સંજોગોમાં પહોંચી વળવા માટે તાલીમ આપવામાં આવી હતી. આગામી દિવાળીના પર્વે કાર ખાનાઓમાં સ્ટાફની પાંખી હાજરી હોય છે તથા કેટલાક એકમો સંપૂર્ણપણે બંધ રહે છે અને માત્ર સિક્યુરિટી જવાનો જ ફરજ પર હાજર હોય છે. આવા સંજોગોમાં જો અચાનક કોઈ અગમ્ય કારણોસર આગ લાગે કે ધડાકા જેવી આકસ્મિક દુર્ઘટના સર્જાય, તો તેનો સામનો કેવી રીતે કરવો અને યોગ્ય કમ્યુનિકેશન કરીને સ્થિતિને કેવી રીત કાબૂમાં લેવી તે અંગે નિષ્ણાતો દ્વારા સિક્યુરિટી જવાનોને માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ, ભરૂચના નાયબ નિયામક શ્રી એસ. પી. પાઠક, મદદનીશ નિયામક શ્રી ડી. કે. પટેલ સહિત સિક્યોરિટી જવાનો ઉપસ્થિત રહ્યા હતા.




દહેજ અને વિલાયત ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા ૧૮૦થી વધુ સિકયુરિટી પર્સન માટે ફાયર સેફટી તાલીમનું કરાયું હતું આયોજન

કમલમ્ ભરૂચ

ભરૂચ જિલ્લા માં દહેજ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન તથા સાયખા- વિલાયત ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન ને સાથે રાખીને દહેજ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન દહેજ ખાતે અંદાજિત ૧૦૦ સિક્યુરિટી પર્સન તથા કલર ટેક ઈન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ, વિલાયત ખાતે આશરે ૮૦ સિક્યુરિટી પર્સન ની હાજરી માં ફાયર સેફટી તથા ફર્સ્ટ એઇડ બાબતે નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમ ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ ભરૂચના નાયબ નિયામક શ્રી ડી.બી. ગામીત, શ્રી એસ.પી. પાઠક, નાયબ નિયામક શ્રી, ભરૂચ તથા શ્રી એ. આર. પિઠીયા, મદદનીશ નિયામકશ્રી તથા શ્રી વી. એમ. પટેલ, મદદનીશ નિયામકશ્રી તથા શ્રી એમ.બી. પટેલ, દહેજ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન તથા ડો મહેશ વણી



સાયખા-વિલાયત ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં દિવાળીના તહેવારોમાં કારખાનામાં ખૂબ જ ઓછો સ્ટાફ હાજર હોય અથવા તો અમુક કારખાના સંપૂર્ણ બંધ હોય છે અને સિક્યુરિટી પર્સન જ હાજર હોય છે આવા સમયે કારખાનામાં કોઈ અગમ્ય કારણોસર આગ/ધડાકા જેવા આકસ્મિક સંજોગોને પહોંચી વળવા તથા જરૂરી કોમ્યુનિકેશન કરવા અંગેની તાલીમ આપવામાં આવેલ હતી.

નાનાપોંઢાના ભંડારકચ્છ ગામે 'સ્વાસ્થ્ય પોષણ સેવા સંગમ' કાર્યક્રમ યોજાયો, સગર્ભા માતાઓ અને બાળકોને પોષણ સહાયનું વિતરણ કરાયું

કમલમ્,વલસાડ
વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના ભંડારકચ્છ ગામે પીએમ જન મન યોજના હેઠળ બનેલા મલ્ટી પર્પઝ સેન્ટર ખાતે આદિજાતિ બાબત મંત્રાલય ભારત સરકારની ગાઈડલાઈન મુજબ તેમજ વલસાડ આઈસીડીએસના જિલ્લા પ્રોગ્રામ અધિકારીના સહયોગથી "સ્વાસ્થ્ય પોષણ સેવા સંગમ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય હેતુ બાળકોના વિકાસની દેખરેખ અને પાયાના પોષણનું મૂલ્યાંકન કરવાનો તેમજ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પૂરક પોષણનુ વિતરણ કરવાનો હતો. મુખ્ય અતિથિ તરીકે આઈસીડીએસ કપરાડા ઘટક-૨ ના બાળ વિકાસ યોજના અધિકારી ઉન્નતિ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા, આ સાથે ગામના સરપંચ ગંગારામભાઈ, આરોગ્ય ખાતાના કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (સીએચઓ) સંજયભાઈ, એએનએમ તૃપ્તિબેન અને મુખ્ય સેવિકા બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સીએચઓ સંજયભાઈ દ્વારા ગામના લોકોને ખાસ કરીને મહિલાઓને તેમજ બાળકોને સંપૂર્ણ રસીકરણ કરાવવા અર્થે તેમજ પોતાના સ્વાસ્થ્યની કાળજી માટે પોતે રાખવાની થતી તકેદારી વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. સ્વચ્છતા બાબતે આપણી નૈતિક ફરજ વિશે, ઠંડા પીણા તેમજ બહારના પેકેજ્ડ ફૂડનો ઉપયોગ ટાળી રોજિંદો ઘરનો ખોરાક તેમજ આંગણવાડીમાંથી આપવામાં આવતા પૂરક પોષણનો લાભ લઈ પોતાના સ્વાસ્થ્યની કાળજી લેવા અંગે અપીલ કરવામાં આવી હતી. ગામના સરપંચ ગંગારામભાઈ દ્વારા આંગણવાડી કાર્યકર બહેનોની કામગીરીને બિરદાવવામાં આવી તેમજ ગામના ઉજ્વળ ભવિષ્ય માટે સૌના સહિયારા પ્રયત્નોની જરૂરિયાત છે તે બાબતે સંવાદ કરવામાં આવ્યો હતો. સીડીપીઓ ઉન્નતીબેન દ્વારા લાભાર્થી સગર્ભા બહેનો સાથે સંવાદ અને પરામર્શ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત તેઓએ સગર્ભાવસ્થા દરમિયાન લેવાની થતી કાળજી તેમજ સગર્ભાવસ્થા દરમિયાનના ખોરાકની આવનારા બાળક પર અને



તેના પોષણ સ્તર પર થતી અસરો વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. સૂક્ષ્મ પોષકતત્વો અને વિટામિન વગેરેની ઊણપથી બાળકની શારીરિક તેમજ માનસિક કાર્યક્ષમતા પર થતી નકારાત્મક અસરો વિશે રોજિંદા જીવનના ઉદાહરણ સ્વરૂપ કિસ્સા વર્ણવી માતાઓ તેમજ બાળકની સંભાળ લેનાર વ્યક્તિએ બાળકના ખોરાક અને રોજિંદી પ્રવૃત્તિઓ ઉપર ધ્યાન આપે બાળકના ઉજ્વળ ભવિષ્ય માટેનો પાયો કઈ રીતે મજબૂત બનાવી શકાય તેના વિશે ચર્ચા કરી હતી. જેમાં હાજર સગર્ભા બહેનો તેમજ માતાઓ સાથેના દ્વિ-તરફી સંવાદથી કાર્યક્રમ પરિપૂર્ણ થયો હતો. કાર્યક્રમમાં મહિનાના પ્રથમ મંગળવાર "સુપોષણ સંવાદ"ની સમુદાય આધારિત પ્રવૃત્તિની ઉજવણી કરવામાં આવી હતી. પ્રથમવારની સગર્ભા બહેનોનું પ્રતિકાત્મક સીમંત વિધિ દ્વારા સન્માન કરી તેઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવી હતી. આ સાથે કિશોરી અને છ માસથી ત્રણ વર્ષના બાળકોને તેમજ સગર્ભા અને ધાત્રી માતાને ટેક હોમ રાશનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ત્રણ થી છ વર્ષના લાભાર્થી બાળકોને આંગણવાડીમાંથી આપવામાં આવતા પૂરક પોષણ જેવા કે, ગરમ નાસ્તો અને બપોરનું ભોજન તેમજ "દૂધ સંજીવની યોજના" અંતર્ગત ફ્લેવર્ડ દૂધનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે આદિજાતિ જિલ્લાઓમાં ચાલતી "પોષણ સુધા" યોજના અંતર્ગત સગર્ભા અને ધાત્રી માતાને એક સમયનું સંપૂર્ણ ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આંગણવાડી કાર્યકર ગુણવંતીબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

અમદાવાદ મંડળના ખાખરેચીમાં ૩૫ વર્ષો માટે ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ વિકસિત કરવાનો કોન્ટ્રાક્ટ કર્યો



કમલમ્,
પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં વર્તમાનમાં ૮ ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ (GCT) કાર્યરત છે. આ ટર્મિનલો મારફતે કન્ટેનર, મીઠું, બેન્ટોનાઈટ, સિમેન્ટ, ખાતર, ખાંડ અને ઘાળો સહિત વિવિધ વસ્તુઓનું પરિવહન કરવામાં આવે છે. એપ્રિલ ૨૦૨૬ થી ઓક્ટોબર ૨૦૨૬ સુધી આ ૮ કાર્ગો ટર્મિનલોથી કુલ ૧,૭૦૦ થી વધુ રેક લોડ કરવામાં આવ્યા, જેમનામાં ૬૫,૦૦૦ થી વધુ વેગન સામેલ છે. આ સમયગાળા દરમિયાન કુલ લગભગ ૨૩ લાખ ટનથી વધુ માલનું પરિવહન કરવામાં આવ્યું, જેનાથી રેલવેને રૂ.૩૩૦ કરોડથી વધુની આવક પ્રાપ્ત થઈ. આ જ ક્રમમાં, માલ પરિવહન સુવિધાઓને વધુ સુદ્રઢ કરવા તથા રેલવેની આવકમાં વૃદ્ધિ કરવાની દિશામાં અમદાવાદ મંડળે એક વધુ મહત્વપૂર્ણ પહેલ કરી છે. મંડળ દ્વારા ખાખરેચીમાં ગતિ શક્તિ કાર્ગો ટર્મિલન વિકસિત કરવા માટે મેસર્સ એમિરેટ્સ લોજિસ્ટિક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને ૩૫ વર્ષોના સમયગાળા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ અમદાવાદ મંડળમાં રેલવે બોર્ડની જીસીટી નીતિ-૨૦૨૬ ના શિડ્યુલ-II હેઠળ પ્રથમ કાર્ગો ટર્મિનલ છે.

૮૦,૪૧૩ ચોરસ મીટર રેલવે જમીનનો થશે વ્યવસાયિક ઉપયોગ

આ પરિયોજના હેઠલ જીસીટી ઓપરેટરને રેલવેની ૮૦,૪૧૩ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે. આ જમીન પર ખાનગી મૂડીરોકાણ મારફતે આધુનિક માલ લોડિંગ અને અનલોડિંગ સુવિધાઓનો વિકાસ કરવામાં આવશે. આનાથી ભારતીય રેલવેને પ્રતિ વર્ષ રૂ.૧૫ લાખથી વધુની જમીન લાયસન્સ ફી પ્રાપ્ત થશે.

માલ પરિવહન અને લૉજિસ્ટિક્સ સુવિધાઓને મળશે પ્રોત્સાહન

ખાખરેચી ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ પરિયોજના રેલવેની બિનઉપયોગી જમીનના અસરકારક ઉપયોગ અને આનગી ક્ષેત્રાની ભાગીદારીથી આધુનિક મૂળભૂત માળખાના વિકાસનું એક મહત્વપૂર્ણ ઉદાહરણ છે. આ પરિયોજનાથી ભારતીય રેલવેને આવક-ભાગીદારી મારફતે વધારાની આવક, જમીન લાયસન્સ ફી રૂપે નિયમિત આવક તથા વગર મૂડીગત રોકાણ આધુનિક માલ પરિવહન સુવિધાઓનો લાભ મળશે.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલના વિકસિત થવાથી ક્ષેત્રમાં માલ પરિવહન સુવિધાઓનું વિસ્તરણ થશે. આનાથી ઉદ્યોગો અને વ્યાપારી પ્રતિષ્ઠાનોને પોતાના માલની લોડિંગ માટે ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ થશે. આધુનિક કાર્ગો હેન્ડલિંગ સુવિધાઓથી માલની લોડિંગ અને અનલોડિંગ વધુ સુગમ થશે તથા રેલવે આધારિત માલ પરિવહનને પ્રોત્સાહન મળશે. આ પરિયોજના પ્રધાનમંત્રી ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનના ઉદ્દેશોને અનુરૂપ છે, જેનું લક્ષ્ય દેશમાં ઉત્તમ પરિવહન સંપર્ક, આધુનિક મૂળભૂત માળખા અને એકિકૃત લૉજિસ્ટિક્સ નેટવર્કનો વિકાસ કરવાનું છે. રેલવે પરિવહનને પ્રોત્સાહન મળવાથી માર્ગ પરિવહન પરની નિર્ભરતા ઘટાડવા તથા પર્યાવરણ અનુકૂળ પરિવહન વ્યવસ્થાને પ્રોત્સાહિત કરવામાં પણ સહાયતા મળશે. અમદાવાદ મંડળ દ્વારા આ પ્રકારની પહેલ મારફતે રેલવે પરિસંપત્તિઓને ઉત્તમ ઉપયોગ, ખાનગી મૂડીરોકાણને પ્રોત્સાહન અને માલ પહિવહનથી આવક વૃદ્ધિના નવા અવસરો વિકસિત કરવામાં આવી રહ્યા છે. ખાખરેચી જીસીટી પરિયોજનાથી આ ક્ષેત્રમાં લૉજિસ્ટિક્સ સુવિધાઓને મજબૂતી મળવાની સાથે-સાથે ભારતીય રેલવેની માલ પરિવહન ક્ષમતા અને આવકમાં વૃદ્ધિની આશા છે.

દિવાળી પર્વે વલસાડ એસટી વિભાગે દોડાવી વધારાની બસો, અત્યાર સુધીમાં રૂ. ૮ લાખથી વધુની આવક થઈ



કમલમ્,વલસાડ,
દિવાળીના મહાપર્વની પરિવાર સાથે ઉજવણી કરવાનો દરેક વ્યકિતના મનમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળતો હોય છે, રોજી રોટીની શોધમાં પોતાના પરિવારથી દૂર આવતા લોકો પણ આ પર્વમાં પોતાના ઘર ભેગા થતા હોય છે, જેઓને પોતાના વતન કે ગામડે પહોંચવામાં સરળતા પડે તે માટે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના વલસાડ એસટી વિભાગ દ્વારા વધારાની બસો દોડાવવામાં આવી રહી છે. જેનો મોટી સંખ્યામાં મુસાફર જનતા લાભ લઈ રહી છે. દિવાળીના તહેવારોમાં વતનમાં જવા માટે મુસાફરોના ધસારાને ધ્યાનમાં લઈ જરૂરીયાત અનુસાર એક્સ્ટ્રા બસોનું આયોજન વલસાડ એસટી વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. જે અંગે માહિતી આપતા વલસાડ એસટીના વિભાગીય નિયામક એસ.પી.માત્રોજા જણાવે છે કે, વલસાડ એસટી ડિવિઝનના તમામ ડેપો દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાને લઈ તા.૦૧/૧૧/૨૦૨૬ થી તા.૦૫/૧૧/૨૦૨૬ સુધી આહવા ડેપોથી સુરત, ચીખલી, વાપી, વલસાડ, સોનગઢ, લુણાવાડા, બીલીમોરા ડેપોથી આહવા, વલસાડ- નવસારી, બારડોલી, અમદાવાદ, દાહોદ, ધરમપુર ડેપોથી સુરત, અમદાવાદ, દાહોદ, નવસારી ડેપોથી બારડોલી-છોટાઉદેપુર, નાશિક, ધરમપુર, સુરત -વાપી, લીમખેડા તેમજ ગાંધીધામ, લુણાવાડા અને બોરીયા માટેનું ગ્રુપ બુકિંગથી બસ સર્વિસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. વલસાડ ડેપોથી આહવા, નાશિક, દાહોદ અને વાપી ડેપોથી અંકલેશ્વર, દાહોદ, નાશિક સુધી એક્સ્ટ્રા સંચાલન કરવામાં આવ્યું છે. જેમાં આજદિન સુધીમાં કુલ ૧૩૮ ટ્રીપ, ૨૭૩૮૬ કિ.મી નું સંચાલન કરી કુલ રૂ. ૮,૦૦,૬૯૮ ની આવક મેળવી છે. એસટીના વિભાગીય નિયામક માત્રોજાએ વધુમાં જણાવ્યું કે, ઉપરોક્ત દિવાળી એક્સ્ટ્રા સંચાલન હાલમાં ચાલુ રાખવામાં આવશે તેમજ વિભાગના તમામ ૬ ડેપો દ્વારા દૈનિક ૧૦-૧૦ બસો મળી કુલ ૬૦ બસોનું એક્સ્ટ્રા સંચાલન દરમ્યાન દૈનિક મુસાફરો ધસારાના ધ્યાને લઈ આયોજન કરવામાં આવશે.

નવા વર્ષ બાદ ભાઈબીજ થી લઈ વેકેશન પુર્ણ થાય ત્યાં સુધી તમામ ડેપો દ્વારા તમામ વિદ્યાર્થી ટ્રીપો બંધ કરી એક્સ્ટ્રા એક્ષપ્રેસ/લોકલ બસોનું સંચાલન કરવામાં આવશે જેનો તમામ મુસાફરો દ્વારા લાભ લેવા વિનંતી છે.

નિફ્ટ ગાંધીનગર ખાતે પરંપરાગત દીપ પ્રાગટ્ય અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે દીપોત્સવની ઉત્સાહભેર ઉજવણી



કમલમ્,
રાષ્ટ્રીય ફેશન ટેકનોલોજી સંસ્થા (નિફ્ટ), ગાંધીનગર ખાતે દીપોત્સવ અને દિવાળી પૂર્વના ઉત્સવોની પરંપરાગત પૂજા-અર્ચના, દીપ પ્રાગટ્ય, રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા અધ્યાપકો, અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓની ઉત્સાહભેર સહભાગિતા સાથે હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી. ઉત્સવના ભાગરૂપે ૦૫ નવેમ્બર ૨૦૨૬ના રોજ નિફ્ટ ગાંધીનગરના નિયામક ડૉ. સમીર સૂદની ગરિમામય ઉપસ્થિતિમાં દિવાળી સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. સમીર સૂદે નિફ્ટ ગાંધીનગર પરિવારના તમામ સભ્યોને દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી સુખ, સમૃદ્ધિ, સૌહાર્દ અને એકતાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. સંસ્થા દ્વારા સ્નેહ, આદર અને સદ્ભાવનાના પ્રતીકરૂપે અધ્યાપકો, અધિકારીઓ અને કર્મચારીઓને દિવાળીની ભેટો પણ અર્પણ કરવામાં આવી હતી, જેનાથી ઉત્સવમાં આનંદ અને આત્મીયતાનો ઉમેરો થયો હતો. સાંજના કાર્યક્રમનો પ્રારંભ માતા લક્ષ્મીની પરંપરાગત પૂજા અને આરતી સાથે કરવામાં આવ્યો હતો, ત્યારબાદ માટીના દીવડાઓ પ્રગટાવવામાં આવ્યા હતા. દીપ પ્રાગટ્ય દ્વારા અંધકાર પર પ્રકાશના અને અજ્ઞાન પર જ્ઞાનના વિજયનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો અને કલાત્મક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી, જેમાં તેમની સર્જનાત્મકતા, ઉત્સાહ અને ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા પ્રત્યેનો આદર પ્રતિબિંબિત થયો હતો. પરંપરાગત દીવડાઓ અને આકર્ષક ઉત્સવી શણગારથી સમગ્ર સંસ્થાનું પરિસર ઝળહળી ઊઠ્યું હતું, જેના કારણે આનંદમય અને ઉત્સાહપૂર્ણ વાતાવરણ સર્જાયું હતું.

વિદ્યાર્થીઓએ આતશબાજી કરીને પણ દીપોત્સવની ખુશીઓ માણી હતી, જેનાથી ઉત્સવનો ઉમંગ વધુ વધ્યો હતો. આ ઉજવણી દ્વારા નિફ્ટ ગાંધીનગર પરિવારના તમામ સભ્યો એકસાથે આવ્યા હતા અને શૈક્ષણિક તથા વ્યાવસાયિક પ્રવૃત્તિઓથી આગળ વધીને પરસ્પર મિત્રતા, એકતા, સૌહાર્દ અને આદરના સંબંધો વધુ મજબૂત બન્યા હતા.

સમારોહનું સમાપન આનંદ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં થયું હતું, જેમાં શાંતિ, સકારાત્મકતા, સમૃદ્ધિ અને એકતાનો સંદેશ પ્રસરાવવામાં આવ્યો હતો. આ સાથે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાઓના સંરક્ષણ અને સંસ્થામાં સામૂહિક એકતાની ભાવનાને પ્રોત્સાહન આપવાની નિફ્ટ ગાંધીનગરની પ્રતિબદ્ધતા પુનઃ દૃઢ કરવામાં આવી હતી.

૨૧,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ તવાંગ મઠ ખાતે શાકયમુનિ બુદ્ધના પવિત્ર અવશેષોને શ્રદ્ધાંજલિ અર્પિત કરી




કમલમ્,
ગાડેન નામગ્યાલ લ્હાત્સે (તવાંગ મઠ) ખાતે અત્યાર સુધીમાં ૨૧,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ શાક્યમુનિ બુદ્ધના પવિત્ર અવશેષોના દર્શન કરીને શ્રદ્ધાંજલિ અર્પિત કરી છે. તવાંગ અને અરુણાચલ પ્રદેશના આસપાસના વિસ્તારોમાંથી શ્રદ્ધાળુઓ પવિત્ર અવશેષોની હાજરીમાં આશીર્વાદ લેવા માટે મઠ ખાતે એકઠા થઈ રહ્યા છે. તવાંગ મઠ ખાતેનું આ પ્રદર્શન ૭ નવેમ્બર ૨૦૨૬ સુધી જનતા માટે ખુલ્લું રહેશે. આ પ્રદર્શન વિશેષ ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્વ ધરાવે છે કારણ કે ૧૩ વર્ષના અંતરાલ પછી આ પવિત્ર અવશેષો અરુણાચલ પ્રદેશમાં પરત આવ્યા છે. નવી દિલ્હીના નેશનલ મ્યુઝિયમથી લાવવામાં આવેલા આ અવશેષો બૌદ્ધ ભિક્ષુઓ, સાધ્વીઓ, શ્રદ્ધાળુઓ અને સામાન્ય જનતાને શાક્યમુનિ બુદ્ધના પવિત્ર અવશેષોને શ્રદ્ધાંજલિ અર્પિત કરવાની અને ભારતના સમૃદ્ધ બૌદ્ધ વારસા સાથે તેમના જોડાણને વધુ દ્રઢ કરવાની તક આપે છે. આ પવિત્ર અવશેષોની શોધ ૧૮૯૮માં ઉત્તર પ્રદેશના પીપ્રહવા ખાતે થઈ હતી. તેમની શોધે બૌદ્ધ ધર્મના પુરાતત્વીય ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન ચિહ્નિત કર્યું હતું. નવી દિલ્હીના નેશનલ મ્યુઝિયમ ખાતે સાચવવામાં આવેલા આ અવશેષો બૌદ્ધ સમુદાયો માટે અપાર ઐતિહાસિક, પુરાતત્વીય અને આધ્યાત્મિક મહત્વ ધરાવે છે. બૌદ્ધ ધર્મના સમૃદ્ધ વારસાને ઉજાગર કરવા માટે તવાંગ મઠ ખાતે બે વિશેષ પ્રદર્શનો પણ આયોજિત કરવામાં આવ્યા છે. ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ કન્ફેડરેશન (IBC) દ્વારા 'અનઅર્થિંગ ધ સેક્રેડ પીપ્રહવા: ધ સ્ટોરી ઓફ ધ હોલી બુદ્ધ રિલિક્સ એન્ડ ધેર ડિસ્કવરી' અવશેષોની શોધ અને ઐતિહાસિક મહત્વને રેખાંકિત કરે છે. નેશનલ મ્યુઝિયમ, નવી દિલ્હી દ્વારા ક્યુરેટ કરાયેલ 'ક્રોસરોડ્સ ઓફ ધમ્મ: ક્લાસિકલ લેગસીઝ, લિવિંગ આર્ટ, એન્ડ એન્થ્રોપોલોજિકલ પર્સપેક્ટિવ્સ', બૌદ્ધ ધર્મના ઐતિહાસિક, કલાત્મક અને સાંસ્કૃતિક પાસાઓને દર્શાવે છે. તવાંગ મઠ ખાતેના પ્રદર્શન પછી, આ પવિત્ર અવશેષોને ૮ થી ૧૩ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન ન્યમઠ (લોઅર ગોમ્પા), બોમડિલા ખાતે લઈ જવામાં આવશે, અને ત્યારપછી ૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન ગોલ્ડન પેગોડા, નમસાઈ ખાતે લઈ જવામાં આવશે. પવિત્ર અવશેષો ૨૧ નવેમ્બર ૨૦૨૬ ના રોજ નેશનલ મ્યુઝિયમ, નવી દિલ્હી ખાતે પરત ફરવાનું નિર્ધારિત છે. આ પ્રદર્શનનું આયોજન ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ કન્ફેડરેશન અને અરુણાચલ પ્રદેશ સરકારના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. આ પહેલ ભારત સરકારની દેશના સમૃદ્ધ બૌદ્ધ વારસાનું જતન કરવા અને તેને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સાથે જ ભગવાન બુદ્ધના શાંતિ, કરુણા, જ્ઞાન અને સમગ્ર વિશ્વમાં ભાઈચારાના અમૂલ્ય સંદેશને લોકો સુધી પહોંચાડવાનો પણ આ પ્રયાસ છે.

'સરકારી ખરીદીમાં અટકાયતી સતર્કતા' વિષય પર રાજયકક્ષાનો વર્કશોપનું ગાંધીનગર ખાતે આયોજન

સરકારી કામકાજમાં દોષરહિત, પારદર્શિતા, નિયમોનું પાલન અને ઉત્તરદાઈત્વ સુનિશ્ચિત કરીને સરકારી ખરીદીની પ્રક્રિયાઓને વધુ અસરકારક બનાવવા માટે વિવિધ વિષયો પર સત્ર યોજાયા





ઈ-ટેન્ડરિંગમાં મર્યાદાઓનું ચુસ્ત પાલન, "મેક ઇન ઇન્ડિયા" અંતર્ગત સ્થાનિક કન્ટેન્ટની યોગ્ય ચકાસણી તેમજ જથ્થાના પ્રક્રિયાગત વિભાજન કે બિનસંબંધિત આઈટમ બંચિંગથી બચવા અંગે માર્ગદર્શન અપાયું

કમલમ્,
સતર્કતા જાગૃતિ સપ્તાહ ૨૦૨૬ અંતર્ગત ગુજરાત રાજ્ય સતર્કતા આયોગ અને ઉદ્યોગ કમિશનરેટ દ્વારા ગાંધીનગર ખાતે "સરકારી ખરીદીમાં અટકાયતી સતર્કતા" વિષય પર એક રાજ્ય કક્ષાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ.

જેનો મુખ્ય ઉદ્દેશ્ય સતર્કતા જાગૃતિ સપ્તાહ ૨૦૨૬ ની મુખ્ય થીમ "સમૃદ્ધિ માટે પ્રામાણિકતા" સાથે સુસંગત રહીને સરકારી ખરીદી પ્રક્રિયાઓમાં પારદર્શિતા લાવવાનો છે. સરકારી કામકાજમાં દોષરહિત પારદર્શિતા, નિયમોનું પાલન અને ઉત્તરદાઈત્વ સુનિશ્ચિત કરીને સરકારી ખરીદીની પ્રક્રિયાઓને વધુ બનાવવા માટે આ કાર્યશાળામાં વરિષ્ઠ વહીવટી અધિકારીઓ, વિભાગીય વડાઓ, બોર્ડ-નિગમોના વડાઓ તેમજ ક્લાસ-૧ અને ક્લાસ-૨ ના ખરીદ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં આધુનિક ખરીદી માળખા અંગે વ્યાપક માર્ગદર્શિકા પર ચર્ચા કરવામાં આવી છે. જેમાં ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) ચીજવસ્તુઓનો અસરકારક ઉપયોગ, ઈ-ટેન્ડરિંગ મર્યાદાઓનું ચુસ્ત પાલન, "મેક ઈન ઈન્ડિયા" અંતર્ગત સ્થાનિક કન્ટેન્ટની યોગ્ય ચકાસણી તેમજ જથ્થાના પ્રક્રિયાગત વિભાજન કે બિનસંબંધિત આઈટમ બંચિંગથી બચવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ભૂતકાળની ભૂલો પર તપાસ કરવા કરતાં અટકાયતી સતર્કતા (Preventive Vigilance) પર ભાર મૂકતા, આ કાર્યશાળામાં થીસ બહારની ચીજવસ્તુઓ માટે સુવ્યવસ્થિત NOC પ્રક્રિયાઓ, વિકેન્દ્રીત ખરીદી પ્રોટોકોલ અને વહીવટી વિલંબ તથા ઓડિટ વાંધાઓને દૂર કરવા માટે સેન્ટ્રલ સ્ટોર્સ પર્ચેસ ઓર્ગેનાઈઝેશન અને થીસ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ્સ દ્વારા પૂરી પાડવામાં આવતી તકનીકી સહાયક પ્રણાલીઓ જેવા મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માટે સિંગાપોર અને દક્ષિણ કોરિયામાં ગુજરાતનો સફળ રોડ-શો, કરોડોના રોકાણ અને ભાગીદારીની શક્યતાઓ

HJ હેવી ઇન્ડસ્ટ્રીઝએ પોરબંદરમાં કોસ્ટલ ટુરિઝમ, હોસ્પિટાલિટી અને આંતરરાષ્ટ્રીય રિસોર્ટ પ્રોજેક્ટ્સ અંગે રસ બતાવ્યો



કમલમ્, ગાંધીનગર

૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન ગાંધીનગર ખાતે યોજાનાર ૧૧મા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) ૨૦૨૭ના ભાગરુપે ના ગુજરાત સરકારના માનનીય વનઅનેપર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાના નેતૃત્વ હેઠળના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળે ૧૯ થી ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સિંગાપોર અને દક્ષિણ કોરિયાની મુલાકાત લીધી હતી. આ પ્રવાસનો મુખ્ય હેતુ ગુજરાતને વૈશ્વિક રોકાણ માટેના શ્રેષ્ઠ સ્થળ તરીકે રજૂ કરવાની સાથે, વ્યાપારી ભાગીદારી મજબૂત કરવાનો અને વૈશ્વિક કંપનીઓને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭માં આમંત્રણ આપવાનો હતો. સિંગાપોર અને દક્ષિણ કોરિયાના પ્રતિનિધિમંડળમાં સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના સચિવ તથા ડેલિગેશન નોડલ ઓફિસર શ્રીમતી પી. ભારતી (IAS), પ્લાનિંગ વિભાગના સચિવ શ્રીમતી આદ્રા અગ્રવાલ (IAS), DSTના જોઈન્ટ ડાયરેક્ટર (IT) શ્રી વસીમ મન્સુરી, GIFT સિટીના AVP (બિઝનેસ ઓપરેશન્સ) શ્રી નિસર્ગ આચાર્ય ઉપરાંત ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન, FICCI અને KPMG ના પ્રતિનિધિઓ આ ડેલીગેશનમાં જોડાયા હતા.

ગુજરાતના પ્રતિનિધિ મંડળની આ બિઝનેસમીટિંગ્સમાં સેમિકન્ડક્ટર્સ, વોટર અને વેસ્ટવોટર મેનેજમેન્ટ, ડિજિટલ ટેકનોલોજી, હેલ્થકેર, એગ્રીકલ્ચર અને ફૂડ પ્રોસેસિંગ, ગ્રીન હાઈડ્રોજન, ઈન્ટિરિયર અને ફર્નિચર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેરિટાઈમ સેવાઓ અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રો પર ફોક્સ કરવામાં આવ્યું હતું. ઘણી કંપનીઓએ ગુજરાતમાં રોકાણ, ટેકનોલોજી ભાગીદારી, વ્યાપાર વિસ્તાર અને પાયલટ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં રસ બતાવ્યો છે. સિંગાપોર પ્રવાસ દરમિયાન ડેલિગેશને કુલ ૨૦ બેઠકોમાં ભાગ લીધો હતો, જેમાં ૯ વન-ટુ-વન બિઝનેસ મીટિંગ્સ, ૨ સરકારી (G2G) બેઠકો, ૫ રાઉન્ડટેબલ બેઠક અને ૪ સાઈટ મુલાકાતોનો સમાવેશ થાય છે. ગુજરાત સરકારના ડેલિગેશને સિંગાપોરના વ્યાપાર અને ઉદ્યોગ મંત્રાલયના રાજ્ય મંત્રી શ્રી ગન સિઓવ હુઆંગ સાથે મુલાકાત કરી હતી, તેમજ સિંગાપોરમાં ભારતના હાઈકમિશનર ડૉ. શિલ્પક અંબુલે દ્વારા યોજાયેલા ડિનરમાં હાજરી આપી દ્વિપક્ષીય આર્થિક સંબંધો મજબૂત કર્યા હતા. ગુજરાત સરકારના પ્રતિનિધિ મંડળે માનનીય મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની આગેવાનીમાં ઉદ્યોગ મંડળો સાથે રાઉન્ડટેબલ બેઠકો યોજી હતી. SSIA, SICCI, AIBP, TiE સિંગાપોર અને સિંગાપોર ગુજરાતી સોસાયટી સાથે સેમિકન્ડક્ટર, ઈનોવેશન, GIFT સિટી અને ટેલેન્ટ ડેવલપમેન્ટ અંગે ફળદાયી ચર્ચાઓ કરવામાં આવી હતી. ગુજરાત સરકારના ડેલિગેશને માઈક્રોન સેમિકન્ડક્ટર ફેસિલિટી, ગ્લોબલ ટેક સોલ્યુશન્સ, ASMPT યીશુન ફેસિલિટી અને ASTAR ફ્યુઝનાપોલિસની મુલાકાત લઈ તેમની શ્રેષ્ઠ વૈશ્વિક પદ્ધતિઓ અને તેની સંશોધન ક્ષમતાઓનું અધ્યન કર્યુ હતું. સિંગાપોર મુલાકાતથી જે મુખ્ય રોકાણ આવવાની સંભાવનાઓ દેખાઈ રહી છે, તેના પર નજર કરીએ તો, ગ્લોબલ ટેક સોલ્યુશન્સએ ધોલેરા ખાતે ઈક્વિપમેન્ટ રિફર્બિશમેન્ટ અને ક્વાર્ટઝ મેન્યુફેક્ચરિંગમાં રસ દર્શાવ્યો છે. તો ભારત સેમિટેકે સાણંદ ખાતે સેમિકન્ડક્ટર ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગમાં રસ બતાવ્યો છે. તો માઈક્રોન ટેક્નોલોજી દ્વારા એસેમ્બલી અને ટેસ્ટિંગમાં વિસ્તરણ, ASMPT દ્વારા પેકેજિંગ ઈકોસિસ્ટમ, ઓટોડેસ્ક (AutoDesk) દ્વારા GIFT સિટીમાં ઓફિસ શરૂ કરવાની ઉત્સુકતા બતાવી છે, જ્યારે રેડવુડ ઈન્ટિરિયર દ્વારા પોરબંદરમાં ફર્નિચર ઉત્પાદન, ગાર્ડન્ટ AMEA દ્વારા આરોગ્ય ક્ષેત્રે કેન્સર નિદાન માટે GBU, GBRC, GCRI, GSBTM સાથે પ્રસ્તાવિત સહયોગને લઈ ચર્ચા કરવામાં આવી હતી. કેપેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ગુજરાતમાં ડેટા સેન્ટરો અને સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ માટે પાણી, ઊર્જા, કૂલિંગ અને સસ્ટેનેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સોલ્યુશન્સની તકો અંગે રસ બતાવ્યો હતો. તો SMIT સેવવેજ દ્વારા MERC દ્વારા ગુજરાતમાં ઓપરેશનલ બેઝ સ્થાપવાનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે, જેમાં રિસ્પોન્સ ઈક્વિપમેન્ટ અને લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સામેલ છે. ડે નોરાનું હાલમાં ટાટા ઈલેક્ટ્રોનિક્સના સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ સાથે કામ કરી રહ્યું છે, જેમણે સેમિકન્ડક્ટર-ગ્રેડ વોટર અને વેસ્ટવોટર સોલ્યુશન્સમાં રસ બતાવ્યો છે. તો ASTARએ સિલિકોન ફોટોનિક્સ અને SiC ટેકનોલોજીમાં R&D સહયોગ કરવા માટે રસ બતાવ્યો છે. ગુજરાત સરકારના પ્રતિનિધિમંડળની આ મુલાકાતમાં સિંગાપોર ગુજરાતી સોસાયટી અને SICCI સાથેની બેઠકમાં સિંગાપોરમાં એક 'ગુજરાત સપોર્ટ ઓફિસ' અથવા ASEAN પ્રદેશ માટે GIFT સિટી પ્રતિનિધિ કાર્યાલય શરૂ કરવા સૂચન કરાયું હતું. સિંગાપોરની મુલાતાક બાદ પ્રતિનિધિ મંડળ દક્ષિણ કોરિયાની મુલાકાતે પહોંચ્યું હતું, જ્યાં દક્ષિણ કોરિયામાં ડેલિગેશને કુલ ૨૫ કાર્યક્રમો કર્યા હતા, જેમાં ૧૫ વન-ટુ-વન બિઝનેસ મીટિંગ્સ, ૩ રાઉન્ડટેબલ બેઠક અને ૭ સાઈટ વિઝિટ્સ કરવામાં આવી હતી. ભારતીય એમ્બેસી અને 'મેક ઈન ઈન્ડિયા કોરિયા'ના સહયોગથી કોરિયન બિઝનેસ લીડર્સ રાઉન્ડટેબલ તથા ICCK ના સભ્યો સાથે બેઠકો યોજાઈ હતી. આ ઉપરાંત HJ હેવી ઈન્ડસ્ટ્રીઝ, હાનવા ઓશન, હાન્યાંગ એન્જિનિયરિંગ, GnBS ઈકો, ગાચોન યુનિવર્સિટી MRI રિસર્ચ સેન્ટર, દાવન મેડેક્સ BNCT સેન્ટર અને સિઓલ સેમિકન્ડક્ટર જેવા ટેકનોલોજીકલ સેન્ટર્સની મુલાકાત લીધી હતી. દક્ષિણ કોરિયામાં સેમિકન્ડક્ટર્સ, ડિસ્પ્લે ટેકનોલોજી, ડેટા સેન્ટર્સ, શિપબિલ્ડિંગ, કેમિકલ્સ, બાયોટેકનોલોજી, ક્લીન એનર્જી, રોબોટિક્સ, એગ્રીટેક અને ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની કંપનીઓ સાથે ગુજરાતમાં રોકાણ, ટેકનોલોજી ભાગીદારી, મેન્યુફેક્ચરિંગ વિસ્તાર, R&D અને સહયોગની તકો પર ચર્ચા થઈ હતી. કેટલીક કંપનીઓએ ભવિષ્યના રોકાણો, જોઈન્ટ વેન્ચર્સ, પાયલટ પ્રોજેક્ટ્સ અને ઉત્પાદન સુવિધાઓ માટે રસ દર્શાવ્યો હતો. કંપનીઓ સાથેની ચર્ચાઓમાં સેમિકન્ડક્ટર્સ, શિપબિલ્ડિંગ, અદ્યતન ઉત્પાદન, ડિજિટલ ટેક્નોલોજી, બાયોટેક્નોલોજી અને કૌશલ્ય વિકાસમાં સહયોગની તકો પર ભાર મુકાયો હતો. દક્ષિણ કોરિયાની મુલાતાથી ગુજરાતમાં આવનાર સંભવિત મુખ્ય રોકાણ પર નજર કરીએ તો GnBS ઈકો દ્વારા ધોલેરા ખાતે સેમિકન્ડક્ટર ઈક્વિપમેન્ટ માટે ૧૨ એકર જમીનની માંગ કરવામાં આવી છે. તો સિલિકોન ડિસ્પ્લેએ ૧૨-ઈંચ TFT ફિંગરપ્રિન્ટ-સેન્સર સેમિકન્ડક્ટર ફેબમાં રસ બતાવ્યો છે. LAMKO & ડોંગવૂ ફાઈન-કેમએ ધોલેરા અથવા વડોદરામાં સેમિકન્ડક્ટર કેમિકલ્સ અને મટીરિયલ્સ ઉત્પાદનમાં રસ દાખવ્યો છે. તો સિઓલ સેમિકન્ડક્ટરએ LED અને માઈક્રો LED ઉત્પાદનમાં રસ બતાવ્યો છે. જ્યારે NOVA Data Centersએ ઈનફિકસઝોન ટેકનોલોજીસ અને ફ્યુચરોટેક સોલ્યુશન્સ સાથે મળીને ગુજરાતમાં હાઈપરસકેલ ડેટા સેન્ટર વિકસાવવાની યોજના બનાવી છે. તો હાનવા અને દાસુન શિપબિલ્ડિંગએ મેરીટાઈમ ઈન્ડસ્ટ્રી અને શિપબિલ્ડિંગમાં પીપાવાવ અને ગુજરાતની સ્થાનિક કંપનીઓ સાથે ભાગીદારીની ઈચ્છા દર્શાવી છે. ૐત હેવી ઈન્ડસ્ટ્રીઝએ પોરબંદરમાં કોસ્ટલ ટુરિઝમ, હોસ્પિટાલિટી અને આંતરરાષ્ટ્રીય રિસોર્ટ પ્રોજેક્ટ્સ અંગે રસ બતાવ્યો હતો. દક્ષિણ કોરિયન કંપની SOFTPV સાથેની રાઉન્ડટેબલ બેઠક દરમિયાન દક્ષિણ કોરિયાની કંપનીઓને રોકાણ સંબંધિત માર્ગદર્શન અને પ્રોજેક્ટ સુવિધા પૂરી પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા એક સિંગલ પોઈન્ટ ઓફ કોન્ટેક્ટ (SPOC) નિયુક્ત કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું. મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાના નેતૃત્વ હેઠળના ગુજરાત સરકારના પ્રતિનિધિમંડળના આ આઠ દિવસીય પ્રવાસે સિંગાપોર અને દક્ષિણ કોરિયાના રોકાણકારોમાં ગુજરાત પ્રત્યે ભારે ઉત્સાહ જગાડ્યો છે. સેમિકન્ડક્ટર, ગ્રીન હાઈડ્રોજન, શિપબિલ્ડિંગ, હેલ્થકેર અને AI તથા ડિજિટલ ક્ષેત્રે થયેલી આ ચર્ચાઓ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭માં મોટા પાયે વૈશ્વિક રોકાણ લાવવામાં માર્ગદર્શક સાબિત થશે.

દિવાળીના તહેવારમાં શિક્ષણ વિભાગની સરાહનીય પહેલ: ડી.એલ.એડ. (D.El.Ed.) પ્રવેશ પ્રક્રિયાના ઓફલાઈન રાઉન્ડના પ્રથમ દિવસે ૧,૫૦૦ વિદ્યાર્થીઓને મળ્યો પ્રવેશ



કમલમ્,

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય અને શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખીને વધુ એક સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે. ડી.એલ.એડ. (D.El.Ed.) એટલે કે ડિપ્લોમા ઈન એલિમેન્ટરી સાયન્સમાં પ્રવેશ પ્રક્રિયાના ત્રણ રાઉન્ડ પૂર્ણ થયા બાદ ખાલી રહેલી બેઠકો પર જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પ્રવેશ મળી રહે તે માટે ઓફલાઈન રાઉન્ડ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી પ્રકાશ ત્રિવેદી તથા સંયુક્ત નિયામક શ્રી બારીયાના માર્ગદર્શન હેઠળ દિવાળીના પર્વ અને તહેવારોના માહોલ વચ્ચે પણ આ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. રાજ્ય સરકારના નિર્ણય લીધાના માત્ર બે જ દિવસમાં, મર્યાદિત સંસાધનો અને ટૂંકા સમયગાળા વચ્ચે પણ વહીવટી તંત્ર દ્વારા ઉત્કૃષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. જેના પરિણામે, ધનતેરસના દિવસે પણ મોડી રાત સુધી ધમધમતી આ પ્રક્રિયા દ્વારા પ્રવેશના પ્રથમ જ દિવસે રાજ્યભરના અંદાજે ૧,૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને પી.ટી.સી. (D.El.Ed.) કોલેજમાં પ્રવેશ મેળવવાની તક પ્રાપ્ત થઈ છે. તહેવારની રજાઓ બાજુ પર મૂકીને વિદ્યાર્થીઓના ભવિષ્યને પ્રાથમિક્તા આપનારું આ પગલું ખરેખર પ્રશંસનીય છે. આ સમગ્ર અભિયાન દરમિયાન શિક્ષણ મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન વાજા સ્વયં મોડી રાત્રે ઉપસ્થિત રહીને કર્મચારીઓ અને અધિકારીઓનો ઉત્સાહ વધારવા જોડાયા હતા. તેમણે લગભગ એક કલાક સુધી સ્થળ પર ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ ત્યાં હાજર શિક્ષકગણ સાથે પ્રત્યક્ષ સંવાદ કર્યો હતો. શિક્ષણ મંત્રીશ્રીની આસક્રિય ઉપસ્થિતિ અને માર્ગદર્શક ઉપસ્થિતિએ સમગ્ર વહીવટી ટીમ અને સ્ટાફમાં ઉર્જાનો સંચાર કર્યો હતો. આ પડકારજનક અને મહત્વપૂર્ણ કામગીરીને સુચારુ અને પારદર્શક રીતે પાર પાડવા માટે ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકો, આઉટસોર્સિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સહયોગ પૂરો પાડ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે પારદર્શિતા, ત્વરિત નિર્ણયશક્તિ અને વિદ્યાર્થી કેન્દ્રીય અભિગમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવા બદલ શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને સમગ્ર સહયોગી ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ડૉ. નવનાથ ગવ્હાણેના અધ્યક્ષસ્થાને રોડસેફ્ટીની મિટિંગ યોજાઈ



કમલમ્, ભરૂચ

ભરૂચ જિલ્લા કલેક્ટર કચેરીમાં આવેલ વીસી હોલ ખાતે કલેક્ટરશ્રી ડૉ. નવનાથ ગવ્હાણેના અધ્યક્ષસ્થાને બુધવારે રોડ સેફટી સભ્યોની ઉપસ્થિતિમાં મિટિંગ મળી હતી. આ મિટિંગમાં વિવિધ એજન્ડા જેવા કે ગત માસની મિટિંગના એજન્ડા પર થયેલ કાર્યવાહી, આગામી દિવાળી તહેવારોમાં મુસાફરોની વધતી આવન-જાવનના કારણો તથા અકસ્માતો ટાળવા જરૂરી પગલાં લેવા, ઉમરવાડાથી અંસાર માર્કેટને જોડતા રેલવે ફાટક ઉપર ઓવરબ્રિજનું કામ ઝડપથી પૂર્ણ કરવા તથા ગ્રામજનોની અવર જવરની સમસ્યા દૂર કરવા, જિલ્લા સ્તરે માર્ગ સુરક્ષા પ્રવૃત્તિઓમાં સડક સુરક્ષા મિત્ર સ્વયં સેવકોને જોડવા, નર્મદા મૈયા બ્રિજ પરથી ભરૂચ જિલ્લાના સ્થાનિક ખેડૂતો, માછીમારો અને નાના વેપારીઓને જીવન જરૂરી ચીજવસ્તુઓનું પરિવહન કરવા વાહનોને પસાર થવાની મંજૂરી આપવા તથા આર્થિક અન્યાયનું નિવારણ કરવા અને ભરૂચ શહેરમાં નિર્માણાધીન માર્ગો અને ડિવાઈડરની કામગીરીમાં જરૂરી ફેરફાર કરી ટ્રાફિકની સમસ્યા નિવારવા તથા માર્ગની સુંદરતા અને નાગરિકોની સુવિધા જાળવવા સહિત ૬ એજન્ડા ઉપર સમીક્ષા કરી ચર્ચા કરવામાં આવી હતી. આ મિટિંગમાં જિલ્લા કલેક્ટરશ્રીએ થતા અકસ્માતોની ઘટનાઓમાં નિર્દોષ નાગરિકોના જીવ બચાવવા અને માર્ગોની બાજુમાં ઊગી નીકળતા ઝાડી-ઝાંખરા દૂર કરવા, નેશનલ હાઈવે ઉપર એકઠી થતી ધૂળની સાફ-સફાઈ સહિત રોડ સેફ્ટી પર સંબંધિત અધિકારીઓને સુચનો આપવામાં આવ્યા હતા. આ રોડ સેફ્ટી મિટિંગમાં અધિક કલેક્ટરશ્રી આર.બી. ભોગાયતા, એ.એસ.પીશ્રી અજયકુમાર મીણા, પ્રાંત અધિકારીશ્રી તેમજ આર.ટી.ઓ. ના અધિકારીઓ સહિત સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત ધનતેરસ પર્વ નિમિતે દિકરી વધામણા કીટ વિતરણ કરવામાં આવી



કમલમ્, જૂનાગઢ

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીની OSC ટીમ દ્વારા ધનતેરસના પાવન પર્વનિમિત્તે સિવિલ હોસ્પિટલ ખાતે નવજાત જન્મેલ દીકરીઓના વધામણા માટે દીકરી વધામણા કીટ વિતરણ તેમજ વ્હાલી દીકરીનું ફોર્મ વિતરણ કરેલ અને યોજનાકીય માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ભારત સરકારની "બેટી બચાવો, બેટી પઢાવો" યોજના અંતર્ગત સમાજમાં દીકરા અને દીકરી વચ્ચેના ભેદભાવને દૂર કરી દીકરીઓના જન્મને પ્રોત્સાહન, સન્માન, સુરક્ષા સકારાત્મક અભિગમ અને જાગૃતિ લાવવાનો હતો. તથા સમાજમાં દીકરીઓના જન્મને ઉત્સવ તરીકે ઉજવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન OSC ટીમ અને સિવિલ હોસ્પિટલનો સ્ટાફ હાજર રહયો હતો.

ધરમપુરના માલનપાડા ગામમાં નવીનગરી આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ કરાયું



કમલમ્, વલસાડ,

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત આંગણવાડી સેવાઓને વધુ સુદૃઢ બનાવવા તથા બાળકોને સારું વાતાવરણ અને સુવિધાઓ મળી રહે તેવા હેતુથી વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના માલનપાડા ગામે આંગણવાડી કેન્દ્ર "માલનપાડા નવીનગરી"નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ મયંકભાઈ મોદી, નગરપાલિકા ઉપપ્રમુખ ઉમાબેન ભોયા, કારોબારી ચેરમેન મયંકભાઈ ગાયકવાડ, સભ્ય અક્ષયભાઈ ચૌધરી, ભરતભાઈ ભીંસરા, સમિતભાઈ રાંચ, ભક્તિબેન, દિપમાલાબેન તથા અનિતાબેન ચૌધરી તેમજ શહેર સંગઠન પ્રમુખ અમિતભાઈ ચોરેરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોએ આંગણવાડી કેન્દ્રના મહત્વ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા અને બાળકોના સર્વાંગી વિકાસમાં આંગણવાડી કેન્દ્રની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું. આંગણવાડી કેન્દ્ર દ્વારા બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ, પોષણયુક્ત આહાર, આરોગ્ય અને પોષણ સંબંધિત સેવાઓ તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. નવા આંગણવાડી કેન્દ્રના લોકાર્પણથી સ્થાનિક વિસ્તારના બાળકો અને લાભાર્થીઓને આંગણવાડીની વિવિધ સેવાઓનો વધુ સુગમ રીતે લાભ મળી રહેશે.

દસ્ક્રોઈના ગત્રાડ ગામે મહિલાલક્ષી યોજનાઓ અને 'મિશન શક્તિ' અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગ્રામ્ય મહિલાઓમાં સશક્તીકરણ અને સ્વાવલંબન માટે માર્ગદર્શન આપતી સંકલ્પ હબ ટીમ



કમલમ્,

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત સંકલ્પ-હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમન (DHEW) ટીમ દ્વારા દસ્ક્રોઈ તાલુકાના ગત્રાડ ગામે મહિલાઓ માટે મહિલાલક્ષી યોજનાઓ તથા મિશન શક્તિ યોજના અંતર્ગત અમલમાં મૂકવામાં આવતી વિવિધ યોજનાઓ અને સેવાઓ અંગે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહિલાઓને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિવિધ યોજનાઓ, મહિલાઓના સશક્તીકરણ, સુરક્ષા અને સ્વાવલંબન માટે ઉપલબ્ધ સહાય તથા સેવાઓ વિશે વિસ્તૃત અને ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, મિશન શક્તિ યોજના અંતર્ગત મહિલાઓને મળતી સહાય, માર્ગદર્શન અને સુરક્ષા સંબંધિત સેવાઓ વિશે પણ વિશેષ સમજ આપવામાં આવી હતી. મહિલાઓ સરકારી યોજનાઓનો લાભ સરળતાથી કેવી રીતે મેળવી શકે છે, તેના માટેની જરૂરી પ્રક્રિયા અને સંપર્ક સેવાઓ અંગે પણ તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ સુધી સરકારની મહિલાલક્ષી યોજનાઓ અને સેવાઓની સાચી માહિતી પહોંચાડવાનો, મહિલાઓમાં જાગૃતિ લાવવાનો તેમજ તેમને આત્મનિર્ભર અને સશક્ત બનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

આહવામા ૧૫ નવેમ્બરે જનજાતીય ગૌરવ દિવસની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી કરાશે : કલેક્ટર શ્રી એન.ડી.પરમાર



કમલમ્, આહવા

દેશના ઐતિહાસિક સીમાચિહ્નોને યાદગાર બનાવવા તેમજ તેના જ્ઞાત-અજ્ઞાત પાસાઓને સર્જનાત્મક માધ્યમથી જનમાનસ સુધી પહોંચાડવાના રાજ્ય સરકારના પ્રયાસોના ભાગરૂપે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે ૧૫ નવેમ્બરના રોજ 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર રાજ્યની સાથે ડાંગ જિલ્લામાં પણ આગામી તા. ૧૫ નવેમ્બરના રોજ જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લા કક્ષાના કાર્યક્રમના સુચારૂ આયોજન અને વિવિધ વ્યવસ્થાઓની સમીક્ષા કરવા જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી.પરમારના અધ્યક્ષસ્થાને આજરોજ કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ તથા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાજેશભાઈ ગામીત ઉપસ્થિત રહ્યાં હતાં. બેઠક દરમિયાન પ્રાયોજના વહીવટદારશ્રી ડૉ.મયુર પરમારે જિલ્લા કક્ષાએ વિવિધ સમિતિઓ અને સંબંધિત અધિકારીઓને સોંપવામાં આવેલી કામગીરી અંગે વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન પાર્કિંગ, ટ્રાફિક વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, પીવાનું પાણી, આરોગ્ય સેવાઓ સહિત તમામ પાયાની આવશ્યક સુવિધાઓ સુચારૂ રીતે ઉપલબ્ધ બને તે માટે કરવામાં આવેલા આયોજનની સમીક્ષા કરવામાં આવી હતી. આ સાથે જ કાર્યક્રમની પૂર્વતૈયારીના ભાગરૂપે તા. ૧૨ નવેમ્બરના રોજ પ્રેસ કોન્ફરન્સ યોજવા તેમજ તા. ૧૪ નવેમ્બરના રોજ પ્રતિમા સ્વચ્છતા, સાધુ-સંતોનું સન્માન અને આદિજાતિ સમાજની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરતા વિવિધ કાર્યક્રમોના આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ તમામ કાર્યક્રમો જનજાતીય સમાજના ગૌરવશાળી ઈતિહાસ, સંસ્કૃતિ, પરંપરા અને યોગદાનને ઉજાગર કરવાની સાથે જનભાગીદારીને પ્રોત્સાહન આપશે. આથી જિલ્લાના નાગરિકોને જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહભેર સહભાગી થવા જિલ્લા કલેક્ટરશ્રીએ અનુરોધ કર્યો હતો.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028